# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

**************************************************

1) કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, સરકાર આર્થિક વિકાસને વેગ આપીને આત્મનિર્ભર ભારત બનાવવા કામ કરી રહી છે.

2) સંરક્ષણ મંત્રાલયે આઠ ડોર્નિયર 228 વિમાન ખરીદવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે કરાર કર્યા.

3) સંરક્ષણ સંપાદન પરિષદએ સશસ્ત્ર દળને સક્ષમ બનાવવા 3 લાખ 60 હજાર કરોડ રૂપિયાના પ્રસ્તાવને મંજૂરી આપી.

4) બાંગ્લાદેશમાં 299 મતવિસ્તારમાં 13-મી રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી માટે આજે મતદાન થયું.

5) ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત તથા નામિબિયા વચ્ચે મુકાબલો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE RS-BUDGET DISCUSSION

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સરકાર આર્થિક વિકાસને વેગ આપીને અને સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરીને મજબૂત અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે કામ કરી રહી છે. રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ પરની ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રીએ જણાવ્યું કે ફુગાવો ઓછો રાખીને ઉચ્ચ વિકાસ દર જાળવી રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય નાણાકીય વર્ષ 2025-26 માં દેશનો GDP વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાનો અંદાજ ધરાવે છે અને ફુગાવો ઘટીને 2 ટકા થયો છે, જે દેશના અર્થતંત્રના મજબૂત વિકાસ આધારને પ્રતિબિંબિત કરે છે.

સુશ્રી સીતારમણે સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ વર્ષનું બજેટ ઉત્પાદન ક્ષેત્ર માટે સરકારના વિઝનને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે બાયોફાર્માસ્યુટિકલ્સ , સેમિકન્ડક્ટર મિશન 2.0, રેર અર્થ કોરિડોર, કન્ટેનર ઉત્પાદન સુવિધાઓ, રમતગમતના સામાન, કાપડ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે ખાસ જોગવાઈઓ અને બજેટ ફાળવણી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે માનવ મૂડી વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે , જે આગામી વર્ષોમાં રોજગારીની તકોનું સર્જન કરશે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે બેંકિંગ અને ક્રેડિટ ઉપલબ્ધતામાં નોંધપાત્ર વધારો થયો છે.

સુશ્રી સીતારમણે અનેક કલ્યાણકારી યોજનાઓ પર ખર્ચમાં કાપ મૂકવાના વિપક્ષના આરોપોને નકારી કાઢ્યા. તેમણે કહ્યું કે કલ્યાણકારી યોજનાઓ માટે પૂરતા પ્રમાણમાં બજેટ ફાળવણી કરવામાં આવી છે. નાણામંત્રીએ મધ્યમ વર્ગ પર દબાણના વિપક્ષના આરોપોને પણ નકારી કાઢ્યા, અને કહ્યું કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ સરકારના નેતૃત્વ હેઠળ સરકારના આર્થિક સુધારાઓએ મધ્યમ વર્ગનો વિસ્તાર કર્યો છે.

. . . . . . . . . . . . .

# DEFENCE-HAL CONTRACT

સંરક્ષણ મંત્રાલયે આઠ ડોર્નિયર 228 વિમાન ખરીદવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે 2,312 કરોડ રૂપિયાના આ કરારમાં ભારતીય તટ રક્ષક દળ માટે ઓપરેશનલ સાધનોનો પણ સમાવેશ થાય છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરાર આત્મનિર્ભર ભારત અને મેક-ઇન-ઇન્ડિયા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે અને દેશની દરિયાઇ સુરક્ષાને પણ મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . .

# DAC RAFALE

સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ આજે સશસ્ત્ર દળોની ક્ષમતાઓ વધારવા માટે આશરે 3 લાખ 60 હજાર કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના માટે રાફેલ મલ્ટી-રોલ ફાઇટર એરક્રાફ્ટ, કોમ્બેટ મિસાઇલો અને એર-બેઝ્ડ હાઇ-એલ્ટિટ્યુડ પ્રોક્સી સેટેલાઇટ્સની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર , ખરીદવામાં આવનારા મોટાભાગના રાફેલ ફાઇટર એરક્રાફ્ટ ભારતમાં બનાવવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય સેના માટે બખ્તરબંધ વાહનો , T-72 ટેન્ક અને પાયદળ લડાઇ વાહનો માટે વિભાવ એન્ટી-ટેન્ક માઇન્સની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DUBEY-MOTION

શાસક અને વિરોધ પક્ષના વચ્ચે હંગામા ને કારણે લોકસભા દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. ઔદ્યોગિક સંબંધો સંહિતા (સુધારા) બિલ , 2026 પસાર થયા પછી, જ્યારે લોકસભાએ જાહેર મહત્વના તાત્કાલિક મુદ્દાઓ પર ચર્ચા શરૂ કરી, ત્યારે ભાજપના નિશિકાંત દુબેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ એક પ્રસ્તાવ રજૂ કર્યો.

(BYTE -નિશિકાંત દુબે)

શ્રી દુબેએ કહ્યું કે તેમનું સભ્યપદ રદ કરવું જોઈએ અને તેમને ભવિષ્યની ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવા જોઈએ. આ ટિપ્પણીઓનો વિપક્ષી સભ્યો દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો. હોબાળાને કારણે, સ્પીકરે ગૃહને આવતીકાલ સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BANGLADESH ELECTION

બાંગ્લાદેશની 13-મી રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી તેમજ એકસાથે લોકમત માટે આજે મતદાન થયું. દેશભરમાં 299 મતવિસ્તારમાં સાંજે સાડા ચાર વાગ્યે મતદાન પૂર્ણ થયું. ચૂંટણી પંચના અહેવાલ મુજબ , કે, સવારે 7.30 વાગ્યે શરૂ થયેલું મતદાન વિક્ષેપ વિના પૂર્ણ થયું.

ચૂંટણી પંચ સચિવાલયના વરિષ્ઠ સચિવ અખ્તર અહેમદે કહ્યું , બપોરે 12 વાગ્યા સુધીમાં 32.88 ટકા સરેરાશ મતદાન થયું હતું. તેમણે અગરગાંવના નિર્વાચન ભવનમાં પત્રકારોને જણાવ્યું, દેશભરના 42 હજાર 651 મતદાન મથકથી 32 હજાર 789 મતદાનમથક પરથી મતદાનના આંકડા પ્રાપ્ત થયો છે.

ચૂંટણી પંચના અધિકારીએ જણાવ્યું , બે જિલ્લામાં ગ્રેનેડ વિસ્ફોટ સહિત કેટલીક છૂટાછવાયા ઘટના છતાં , કોઈ પણ મતદાનમથક પર મતદાન મુલતવી રખાયું નહતું. એકંદર પરિસ્થિતિ નિયંત્રણમાં રહી હતી. અહેવાલ મુજબ , દિવસ દરમિયાન આરોગ્ય સંબંધિત સમસ્યાના કારણે ચાર લોકોના મોત થયા હતા. કેટલાક રાજકીય પક્ષોએ ચૂંટણીના સંચાલન અંગે ચિંતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . .

# GOYAL-INDOVATION PROGRAMME

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત ટેકનોલોજીના ક્ષેત્રમાં અગ્રેસર છે અને આ પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે સરકાર અને ખાનગી ક્ષેત્ર યુવા ઇનોવેટર્સને પ્રોત્સાહન આપે. તેમણે આજે નવી દિલ્હીમાં ઇન્ડોવેશન , મેડટેક ઇનોવેશન અને સ્ટાર્ટઅપ શોકેસ કાર્યક્રમમાં આ વાત કહી.

શ્રી ગોયલે કહ્યું કે ભારતે વિવિધ વેપાર કરારો દ્વારા વિશાળ બજારો ખોલ્યા છે. તેમણે ધ્યાન દોર્યું કે ભારત મોટાભાગના વિકસિત દેશો સાથે મુક્ત વેપાર કરાર ધરાવે છે. શ્રી ગોયલે કહ્યું કે ભારતની ઇનોવેશન અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનો વિકાસ થતો જોઈને પ્રેરણા મળે છે.

(બાઈટ – પિયુષ ગોયેલ)

. . . . . . . . . . . . .

# ICC T20 INDIA MATCH

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને નામિબિયા વચ્ચે મેચ રમાઈ રહી છે. દિલ્હીના અરૂણ જેટલી સ્ટૅડિયમમાં રમાતી મૅચમાં ગેરહાર્ડ ઇરાસ્મસની આગેવાની હેઠળની નામિબિયાની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ , સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે 10 ઑવરમાં 3 વિકેટ ગુમાવી 120 રન કર્યા છે.

આ પહેલા ગયા શનિવારે મુંબઈમાં રમાયેલી મેચમાં ભારતે સંયુક્ત રાજ્ય અમેરિકા – USAની ટીમે 29 રનથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MEA-BRIEFING

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઇનાસિયો લુલા દા સિલ્વા 18 થી 22 ફેબ્રુઆરી સુધી ભારતની મુલાકાતે આવશે.

આ મુલાકાત દરમિયાન, શ્રી લુલા દા સિલ્વા ભારત-એઆઈ ઇમ્પેક્ટ શિખર સંમેલનમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે શ્રી લુલા દા સિલ્વા સાથે ઘણા મંત્રીઓ અને વ્યાપારી પ્રતિનિધિમંડળો છે. તેમણે કહ્યું કે 21 ફેબ્રુઆરીએ દ્વિપક્ષીય વાટાઘાટો યોજાશે અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મેજબાની કરશે. તેમણે ઉમેર્યું કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન પણ ત્રણ દિવસીય શિખર સંમેલન માટે ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

ભારત- અમેરિકા વચગાળાના વેપાર કરાર અંગે , શ્રી જયસ્વાલે કહ્યું કે તેનું નિવેદન બંને દેશો વચ્ચે પરસ્પર સમજણનો પાયો છે. તેમણે કહ્યું કે બંને પક્ષો હવે આ માળખાને અમલમાં મૂકવા અને વચગાળાના કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરશે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીઓ અંગે, પ્રવક્તાએ કહ્યું કે ભારત બાંગ્લાદેશમાં મુક્ત, ન્યાયી, સમાવિષ્ટ અને વિશ્વસનીય ચૂંટણીઓને સમર્થન આપે છે.

. . . . . . . . . . . . .

# ENGINEERING SECTOR - INDIA US DEAL

એન્જિનિયરિંગ ક્ષેત્રે ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરારને આવકાર્યો છે.

આકાશવાણી ન્યૂઝ સાથે વિશેષ વાતચીત કરતા , એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના ભૂતપૂર્વ ચેરમેન અરુણ કુમાર ગરોડિયાએ જણાવ્યું હતું કે વૈશ્વિક પડકારો છતાં ભારતની એન્જિનિયરિંગ નિકાસમાં સ્થિતિસ્થાપકતા જોવા મળી છે. તેમણે કહ્યું કે આ કરાર નજીકના ભવિષ્યમાં એન્જિનિયરિંગ નિકાસને નોંધપાત્ર રીતે વેગ આપશે. શ્રી ગરોડિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બંને રાષ્ટ્રો કલમ 232 અંતર્ગત વસ્તુઓના મુદ્દાને સંબોધશે જેની પર હાલમાં 50 ટકા ડ્યુટી લાગે છે.

. . . . . . . . . . . . .